બૌદ્ધ ધર્મનો ઉદભવ અને વિકાસ ભારતમાં થયો છે.

સ્થાપક: ગૌતમ બુદ્ધ

## ગૌતમ બુદ્ધ



**જન્મ:** ઈ.સ.પુ. 563

**જન્મસ્થળ:** લુમ્બિની (કપિલવસ્તુ) નેપાળ

**મુળનામ:** સિદ્ધાર્થ

**પિતા:** શુદ્ધોધન

**માતા:** મહામાયા

**પાલકમાતા:** પ્રજાપતિ ગૌતમી

**પત્ની:** યશોધરા

**પુત્ર:** રાહુલ

**અન્યનામ:** તથાગત, સુગત, શાકયમુની, શાકયસિંહ

**જ્ઞાનનો પ્રકાશ:** નિરંજના નદીના કિનારે પીપળાના વૃક્ષનીચે ગયા નામના સ્થળે (બિહાર)

**પ્રથમ ઉપદેશ:** ઋષિપતન (સારનાથ)

**નિર્વાણ:** કુશીનારા

**ઉપદેશની ભાષા:** પાલી

- ગૌતમ બુદ્ધે ગૃહત્યાગ કર્યો તેને ઈતિહાસમાં "મહાભિનીષ્ક્રમણ" તરીકે ઓળખવામાં આવે છે.
- ગૌતમ બુદ્ધને વૈશાખી પૂર્ણિમાના દિવસે નિરંજના નદીના કિનારે પીપળાના વૃક્ષ નીચે "ગયા" નામના સ્થળે બોધીજ્ઞાન પ્રાપ્ત થયું અને તે બુદ્ધ કહેવાયા.

- તેવોએ સારનાથ ખાતે પ્રથમ ઉપદેશ આપ્યો તેને "ધર્મચક્રપ્રવર્તન" કહેવામાં આવે છે.
- ભગવાન બુદ્ધે પોતાના શિષ્ય આનંદના કહેવાથી બૌદ્ધસંઘમાં સ્ત્રીઓને સ્થાન આપવામાં આવ્યું.
- બૌદ્ધસંઘમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર સ્ત્રી પ્રજાપતિ ગૌતમી હતા.
- ભગવાન બુદ્ધે અંગુલીમાલ લુટારા, આમ્રપાલી નામે ગણિકા તથા ઉપાલી જેવા વાણંદનું જીવન પરિવર્તન કરીને સંઘમાં સ્થાન આપ્યું.
- આર્યસત્ય તરીકે ઓળખાતા ચાર સિદ્ધાંત:
  1. સંસાર દુખમય છે.
  2. દુ:ખનું કારણ મોહ અને તૃષ્ણા છે.
  3. મોહ અને તૃષ્ણાનો નાશ કરવાથી દુ:ખનો પણ નાશ થાય છે.
  4. આમ કરવા માટે માણસે પોતાના આચાર-વિચારને સત્યમાર્ગ ઉપર ઘડવા જોઈએ.

- બુદ્ધના જીવન સાથે જોડાયેલા પ્રતિકો:
  - બુદ્ધનું ગર્ભમાં આગમન : હાથી
  - જન્મનું પ્રતિક : કમળ
  - યૌવનનું પ્રતિક : સાંઢ
  - ગૃહત્યાગનું પ્રતિક : ઘોડો
  - જ્ઞાનનું પ્રતિક : પીપળો
  - સમૃદ્ધિનું પ્રતિક : સિંહ
  - નિર્વાણનું પ્રતિક : પદચિહ્ન
  - મૃત્યુનું પ્રતિક : સ્તૂપ

www.gkgrips.com

- **સત્યમાર્ગમાં આઠ પ્રકારના સમ્યક અંગોનો સમાવેશ:**

| | |
|---|---|
| સમ્યક દષ્ટિ | સમ્યક આજીવિકા |
| સમ્યક સંકલ્પ | સમ્યક વ્યાયામ |
| સમ્યક વાણી | સમ્યક સ્મૃતિ |
| સમ્યક કર્મ | સમ્યક સમાધી |

- **બૌધ ધર્મનો ફેલાવો:**
  - બૌદ્ધ ધર્મના ઉપદેશ સંસ્કૃતના બદલે પાલી ભાષામાં આપવામાં આવતા હતા એટલે લોકમાનસ પર તેની વિશેષ છાપ પડી.
  - બિહાર એ વિહારના અપભ્રંશમાંથી બની આવ્યું છે.
  - ઈ.પુ. ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ અપનાવ્યો તે ઘટના બૌદ્ધ ધર્મના ઈતિહાસમાં શકવર્તી ઘટના ગણાય છે.
  - બૌદ્ધ ધર્મને પ્રાંતીય ધર્મમાંથી વિશ્વધર્મની કક્ષાએ પહોચાડનાર સમ્રાટ અશોક હતો.
  - બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે જે માણસોને દેશ વિદેશમાં પ્રચાર કરવા મોકલ્યા હતા તેને "ભિખ્ખુ કે ભિખ્ખણીઓ" કહેવામાં આવે છે.
  - સમ્રાટ અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને શ્રીલંકામાં બૌદ્ધ ધર્મના પ્રચાર કરવા મોકલ્યા હતા.
  - સમ્રાટ અશોકે ધર્મપ્રચાર માટે રાજ્યમાં ધર્મખાતાની રચના કરાવી હતી, જેના ઉપરી તરીકે "ધર્મમહામાત્રા: નામના અધિકારીની નિમણુક કરી હતી.

www.gkgrips.com

- **બૌધ ધર્મ પરિષદો:**

| ક્રમ | સમય | સ્થળ | અધ્યક્ષ | શાસક | વંશ |
|---|---|---|---|---|---|
| 1 | ઈ.પુ 483 | રાજગૃહ (બિહાર) | મહાકશ્યપ | અજાતશત્રુ | હર્યકવંશ |
| 2 | ઈ.પુ. 383 | વૈશાલી (બિહાર) | સર્વકામિન | કાલાશોક | શીશુનાગ |
| 3 | ઈ.પુ. 251 | પાટલીપુત્ર | મોંગલીપુત્ત તીસ્સા | અશોક | મૌર્ય |
| 4 | 1 સદી | કુંડળવન (કાશ્મીર) | વાસુમીત્ર | કનિષ્ક | કુષાણ |

- **ચોથી બૌદ્ધધર્મ પરિષદમાં બૌદ્ધધર્મના બે પંથ પડી ગયા:**
    1. હીનયાન: હીન= નાનું, યાન= વાહન
       આ પંથના અનુયાયીઓ બૌદ્ધધર્મના મૂળ સિદ્ધાંતોને વળગી રહ્યા.
    2. મહાયાન: આ પંથના અનુયાયીઓએ બૌદ્ધધર્મને વધુ લોકપ્રિય બનાવવા માટે બુદ્ધના મંદિરો, મૂર્તિ, પુંજા, યજ્ઞ, હવન, આરતી વગેરે દાખલ કર્યા.
- મહાયાન પંથમાં બ્રમ્હાણધર્મની પૂરેપૂરી અસર જોવા મળે છે.
- સમ્રાટ કનીષ્કે મહાયાન પંથને ટેકો આપ્યો હતો.
- ડો. ભીમરાવ આંબેડકરે શરુ કરેલો "નીઓ બૌદ્ધધર્મ" હાલ ભારતમાં પ્રચલિત છે.
- મહાયાન સંપ્રદાયની સ્થાપના "નાગાર્જુને" કરી હતી.
- હીનયાન સંપ્રદાયના લોકો પાલીભાષા અને મહાયાન સંપ્રદાયના લોકો સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરતા હતા.
- ગૌતમબુદ્ધે રચેલી બૌદ્ધ સંઘની પ્રણાલી આજની લોકશાહી પ્રથાવલી ધારાસભાની કાર્યવાહીને મળતી આવે છે.
- શિક્ષણ ક્ષેત્રે બૌદ્ધધર્મનો ફાળો અમુલ્ય છે:

www.gkgrips.com

- તક્ષશિલા : પાકિસ્તાન
- નાલંદા : બિહાર
- વલભી : સૌરાષ્ટ્ર
- વિક્રમશીલા : પશ્ચિમ બંગાળા

- **બૌદ્ધધર્મનું સાહિત્ય ક્ષેત્રે પ્રદાન:**
  - બૌદ્ધધર્મએ વાસુમીત્ર, નાગાર્જુન, અશ્વઘોષ જેવા મહાપંડિતોની ભેટ આપી.
  - વાસુમીત્ર, અશ્વઘોષ, નાગાર્જુન કુષાણ સમ્રાટ કનિષ્કના દરબારમાં હતા.
  - બૌદ્ધધર્મનો મહત્વનો ગ્રંથ ત્રિપિટક છે. ત્રિપિટકની રચના રાજગૃહમાં મળેલી પ્રથમ બૌદ્ધધર્મ પરિષદમાં કરવામાં આવી હતી.
  - બૌદ્ધ સાધુઓ અને સાધ્વીઓએ રચેલા “થેરગાથા” અને “થેરીગાથા” નામના ઊર્મિકાવ્યો જાણીતા છે.
  - મિલિન્દ પધ્મો પાલીભાષામાં રચાયેલો ગ્રંથ છે જેમાં રાજા મિલિન્દ અને બૌદ્ધ ભિક્ષુક નાગસેનના સંવાદો છે.
  - શ્રીલંકામાંથી પ્રાપ્ત થયેલા દીપવંશ અને માહાવંશ નામના ગ્રંથોમાં બુદ્ધના જીવનપ્રસંગો છે.
  - કનિષ્કના દરબારમાં રહેલા અશ્વઘોષે “બુદ્ધચરિત” નામનું સંસ્કૃતનું માહાકાવ્ય લખ્યું છે.
- **બૌદ્ધધર્મનો ત્રિપિટક ગ્રંથ:**
  - વિનય પીટક: બૌદ્ધસંઘના સાધુ-સાધ્વીઓના વર્નતના નિયમો તથા સંઘના સંચાલન માટેના નિયમો આપવામાં આવ્યા છે.
  - સૂક્તપીટક: બુદ્ધના વ્યાખ્યાનો અને ઉપદેશનો સંગ્રહ.
  - અભિધમ પીટક: બૌદ્ધધર્મના સિદ્ધાંતો તથા બૌદ્ધ દર્શનનું વિષદ નિરૂપણ છે.
- **બૌદ્ધધર્મનું સાંસ્કુર્તિક ક્ષેત્રે પ્રદાન:**
  - બૌદ્ધધર્મએ ગુફાઓ, વિહારો, ચૈત્યો અને સ્તુપોની ભેટ આપેલી છે.

www.gkgrips.com

- બિહારના પટના જીલ્લામાં સમ્રાટ અશોકે બૌદ્ધ સાધુઓ માટે બનાવેલી બર્બર ટેકરીઓની ગુફાઓ ઘણી પ્રખ્યાત છે.
- ગુજરાતમાં જુનાગઢમાં ઉપરકોટના ગુફા વિહારો, તળાજા ડુંગર પર આવેલી એભલમંડપની ગુફાઓ.
- ગુપ્ત સમયમાં કોતરાયેલી અજંતા અને ઈલોરાની ગુફા ઘણી પ્રખ્યાત છે.
- જાવામાં આવેલો “બોરોબુદુર” નો સ્તૂપ તેની ભવ્યતાના કારણે આંખા વિશ્વમાં પ્રખ્યાત છે.
- સ્તૂપ બૌદ્ધ અવશેષો ઉપર બાંધવામાં આવતા હતા.
- સારનાથ પાસેના\ અશોકસ્થંભ ઉપર એકબીજાની પીઠને અડકીને ઉભેલા ચાર સિંહોની આકૃતિ તથા ધર્મચક્રને ભારતના રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપવામાં આવ્યું છે, જે બૌદ્ધ શિલ્પકલાનો ઉત્તમ નમુનો છે.
- આ સ્તંભો વિષે પુરાતત્વવિદ સરજોન માર્શલ કહે છે.. “ સ્તંભાધિષ્ટિત સિંહના મુખનું ગૌરવ, તેની ફૂલેલી નસો અને તત્પરતાસૂચક સ્નાયુસૌષ્ટ અદભુત છે”
- આ સ્તંભો વારાણસી પાસેની ખાણમાંથી બનતા હતા.
- મૂર્તિશિલ્પમાં બૌદ્ધધર્મે ગાંધાર શૈલી અને મથુરા શૈલીની ભેટ આપી છે.

**-Vivek Chavda**

દરરોજના નું કરંટ અફેર્સ, મોડેલ પેપર્સ, Daily Gk Page, સ્ટડી મટીરીયલ, ઓલ્ડ પેપર્સ, લેટેસ્ટ મોક ટેસ્ટ, નવી ભારતીના સમાચાર મેળવવા માટે આપેલા વોટ્સએપ નંબર ઉપર **Join Gkgrips** લખીને મોકલો.
**Whats App No. 9638331246**
તમે અમારી વેબસાઈટ www.gkgrips.com માંથી પણ સંપૂર્ણ વિગતો અને મટીરીયલ ડાઉનલોડ કરી શકો છો.